# કડી સર્વ વિશ્વ વિદ્યાલયના યુવક મહોત્સવ 'સંગત-૧૬'નો દબદબાભેર પ્રારંભ

ગાંધીનગર, તા. ૨૩

"જોબનિયું આજે આવ્યું ને કાલ જાશે, પણ સર્જનાત્મકતા



જાળવી રાખશો તો જોબનિયાને હાથમાં રાખ્યું કહેવાશે. જીવન અને પ્રકૃતિના સંવાદિતતા જાળવવી જરૂરી છે, સંવાદિતતા સંગતથી આવે છે અને જ્યાં સંગત ખોરવાય છે ત્યાં સમસ્યા ઉદ્ભવે છે." ગુજરાત રાજ્યના પવિત્ર યાત્રાધામ વિકાસ બોર્ડના અધ્યક્ષ મહેન્દ્રભાઈ ત્રિવેદીએ કડી સર્વ વિશ્વ વિદ્યાલય ખાતે આયોજિત યુવક મહોત્સવ "સંગત-૨૦૧૬"નું ઉદ્ઘાટન કરતા પોતાના આગવા અંદાજમાં યુવા વિદ્યાર્થીઓને સંબોધ્યા હતા. તાળીઓના ગડગડાટ વચ્ચે તેમણે સ્વરચિત જોશભર્યુ ગીત "જીંદાબાદ જીંદાબાદ, યુથ અમારૂ જીંદાબાદ" પણ લલકાર્યું હતું.

કડી સર્વ વિશ્વ વિદ્યાલય સંલગ્ન કોલેજોના વિદ્યાર્થીઓના યુવક મહોત્સવ સંગત-૨૦૧૬નો આજે દબદબાભેર પ્રારંભ થયો હતો. આ પ્રસંગે યોજાયેલા ઉદ્ઘાટન સમારંભમાં મુખ્ય મહેમાન પદે પવિત્ર યાત્રાધામ વિકાસ બોર્ડના અધ્યક્ષ મહેન્દ્રભાઈ ત્રિવેદી ઉપરાંત યુનિવર્સિટીના ચેરમેન વલ્લભભાઈ પટેલ, એસવીકેએમના પ્રમુખ ડૉ. કનુભાઈ પટેલ, યુનિવર્સિટીના ડાયરેક્ટર ડી.ટી. કાપડીયા ઉપરાંત તાજેતરમાં રીલીઝ થયેલ ગુજરાતી ફિલ્મ "રોંગસાઈડ રાજુ"ના ડિરેક્ટર અભિષેક જૈન સહિતની સ્ટારકાસ્ટ અને યુવક મહોત્સવની યજમાન

**જ્યાં સંગત ખોરવાય, ત્યાં સમસ્યા ઉદ્ભવે : મહેન્દ્ર ત્રિવેદી : ગ્રીન એનર્જી આધારિત યુવક મહોત્સવના પ્રારંભે પર્યાવરણના જતન અંગે રેલી યોજાઈ : ''રોંગ સાઈડ રાજુ''ની સ્ટાર કાસ્ટે આકર્ષણ જમાવ્યુ**

કોલેજ એલડીઆરપીના પ્રિન્સિપાલ ગાર્ગી રાજપરા ઉપસ્થિત રહ્યા હતા. મહેન્દ્રભાઈ ત્રિવેદીએ આ પ્રસંગે પોતાના વિદ્યાર્થીકાળના સંસ્મરણો તાજા



કરતા કહ્યું હતું કે "સ્પર્ધામાં ભાગ લઈ જીતવાનો રોમાંચ મને ખબર છે." આ તબક્કે તેમણે આયોજકોને આગામી યુવક મહોત્સવમાં રામચરિત માનસ, રામાયણ, ભગવદ્ ગીતા જેવા પ્રાચીન ધર્મગ્રંથો આધારિત સ્પર્ધા પણ યોજવા સૂચન કર્યુ હતુ. તેમણે કહ્યું હતું કે ભગવદ્ ગીતા એ મોર્ડન મેનેજમેન્ટનો આધાર છે.

ફિલ્મ 'રોગંસાઈડ રાજુ'ના કલાકારોએ પણ આ પ્રસંગે ફિલ્મ નિર્માણ દરમ્યાનના તેમના સંસ્મરણો વાગોળ્યા હતા. સંગત-૨૦૧૬ના ઉદ્ઘાટન અગાઉ 'હરિયાળી શક્તિ' થીમ આધારિત રેલી પણ યોજવામાં આવી હતી. આ રેલી સે. ૨૩ના કડી સર્વ વિદ્યાલય કેમ્પસથી પ્રારંભ થઈ



સે. ૧૫ના યુનિવર્સિટી કેમ્પસ પહોંચી હતી. જેમાં વિદ્યાર્થીઓએ પર્યાવરણના જતન અંગેના વિવિધ પોસ્ટર્સ, બેનર્સ અને ટેબ્લો પ્રદર્શિત કર્યા હતા. બે દિવસીય સંગત-૨૦૧૬ના પ્રથમ દિવસે વિવિધ સ્પર્ધાઓ યોજાઈ હતી. જેમાં લોકનૃત્ય તથા આદિવાસી નૃત્ય સ્પર્ધામાં ગરબા,



રાસ, હુડો, ટીપ્પણી, ભાંગડા, ઘુમ્મર જેવા પ્રાદેશિક નૃત્યો રજુ કરાયા હતા. અભિનય કરતા આધારિત સ્પર્ધાઓ જેવી કે સ્કીટ, મોનો એક્ટિંગ, મિમિક્રી તથા માઈમમાં યુવા સ્પર્ધકોએ બેટી બચાવો, સ્વચ્છતા અભિયાન, પૈસા પાછળની આંધળી દોટ, હરિયાળી શક્તિ, પર્યાવરણ અને અન્ય સામાજીક વિષયો આધારિત કૃતિઓ રજૂ કરી હતી. ગ્રીન એનર્જી થીમ આધારિત યોજાયેલ સંગત-૨૦૧૬માં પોસ્ટર મેકિંગ તથા ક્લોઝ અને ક્લે મોડેલીંગમાં પણ પર્યાવરણ અંગેના વિષયને મહત્વ આપવામાં આવ્યું હતું. આ ઉપરાંત સ્પર્ધામાં વિવિધ સંગીત વાદ્યો જેવા શાસ્ત્રીય અને સ્થાનિક વાદ્યો ઉપરાંત ડિબેટ, ક્વીઝ જેવી સ્પર્ધાઓ યોજાઈ હતી. તમામ સ્પર્ધાઓમાં વિદ્યાર્થીઓએ મોટી સંખ્યામાં ઉત્સાહભેર ભાગ લીધો હતો.

**જિલ્લા ડેટા સેન્ટરની મુલાકાતથી પ્રભાવિત રાષ્ટ્રીય કમિશન**

# ગ્રામીણ વિકાસમાં ખુટતી કડીઓ વિલેજ પ્રોફાઈલને આધારે નિયત થઈ શકે છે

**જિલ્લામાં ૨૨,૯૬૭ જેટલા એકમો વાણિજ્યક પ્રવૃત્તિ સાથે સંકળાયેલા છે : સૌથી વધુ દુકાનદારો અને નાની દુકાનના વેપારી છે**

ગાંધીનગર, તા. ૨૩

ગાંધીનગર જિલ્લાના ગ્રામીણ વિકાસમાં વિલેજ પ્રોફાઈલના ઈન્ડીકેટરો મહત્વની ભૂમિકા પ્રદાન કરી રહ્યા છે તેમજ જિલ્લાના આર્થિક વિકાસની દિશામાં પણ બિઝનેસ રજીસ્ટ્રેશન થકી નજર રાખવાની કામગીરી જે ડેટા સેન્ટર કરી રહેલ



છે તેનાથી નેશનલ સ્ટેસ્ટીકલ કમિશનના વડા ડૉ. બર્મને સંતોષની લાગણી વ્યક્ત કરી છે.

વિલેજ પ્રોફાઈલ દ્વારા ગ્રામીણ વિકાસની ખૂટતી કડીઓને જોડવાનો રોડમેપ સુપેરે તૈયાર થયો હોવાનો સંતોષ વ્યક્ત કરતાં ડૉ. બર્મને હવે આ સેવાઓના વ્યાપ વધારવા પર ભાર મુક્યો હતો.

ગાંધીનગર જિલ્લા પંચાયતના ડેટા સેન્ટરની મુલાકાતે આવેલ નેશનલ સ્ટેટેસ્ટીકલ કમિશને જિલ્લા પંચાયતમાં ૪૦ મિનિટથી વધુ સમય ગાળી વિલેજ પ્રોફાઈલમાં સમાવિષ્ટ કરાયેલ ઈન્ડીકેટરની તલસ્પર્શી જાણકારી મેળવી હતી.

ગ્રામીણ વિસ્તારોમાં સુખાકારી કઈ રીતે વધી શકે તેનુ જે ગેપ એનાલીસીસ આ ડેટા સેન્ટર દ્વારા તૈયાર થયુ છે તેનાથી કમિશનના સભ્યો અત્યંત પ્રભાવિત થયા હતા અને તાળીઓના નાદ વચ્ચે સેન્ટરના કર્મચારીઓની સેવાઓને બિરદાવી હતી.

આ ડેટા સેન્ટરમાં વિલેજ પ્રોફાઈલની સાથે તૈયાર કરાયેલ બિઝનેસ રજીસ્ટર જે તૈયાર કરવામાં આવ્યુ છે તેનાથી જિલ્લામાં આર્થિક વિકાસની ગતિનો જોક જાણી શકાય છે તેવો સ્પષ્ટ અભિપ્રાય કમિશને વ્યક્ત કર્યો હતો. જિલ્લામાં તૈયાર કરાયેલ આ બિઝનેસ રજીસ્ટરમાં ૨૨૯૬૭ વાણિજ્ય સહિતના ૭ જુદા જુદા એક્ટ હેઠળ રજીસ્ટર્ડ થયેલા એકમોની નોંધ છે.

જિલ્લામાં ૧૧૭૭૬ નાના-મધ્યમ દુકાનદારો દ્વારા વાણિજ્ય પ્રવૃત્તિ થઈ રહી છે. તો ૧૨૩૪ કંપની એક્ટ હેઠળ રજીસ્ટર્ડ થયેલ સંસ્થાઓ, ૫૪૦ ફેક્ટરી એક્ટ રજીસ્ટર્ડ થયેલ એકમો તો ૨૬૮૫ જેટલા ઔદ્યોગિક એકમો પણ કાર્યરત હોવાનું નોંધાયેલું છે.


● અનુસંધાન પાના - ૭ પર


# પંચાયતી રાજની સત્તાઓ પર સરકાર કિન્નાખોરી રાખી નિયંત્રણો લાદે છે

**પંચાયત પરિષદ સરકાર તેનુ વલણ નહિ બદલે તો કોર્ટના દ્વાર ખટખટાવશે : પારઘી**

ગાંધીનગર, તા. ૨૩

ગુજરાતમાં પંચાયતો પર કોંગ્રેસના થયેલા વિજયને નહિ પચાવી શકેલી રાજ્ય સરકારે પંચાયત અધિનિયમની જોગવાઈઓને કોરાણે મુકી અને બિનજરૂરી હસ્તક્ષેપ કરી પંચાયતી રાજ વ્યવસ્થા સાથે કિન્નાખોરી ભર્યુ વલણ દાખવી રહ્યાના ગંભીર આક્ષેપ સાથે સરકારના આ વલણને પહેલા ગાંધી ચિંધ્યા માર્ગે અને પછી પણ નહિ માને તો કોર્ટના દ્વાર ખટખટાવાશે તેમ પંચાયત પરિષદના પ્રમુખ રાજેન્દ્ર પારઘીએ આજે જણાવ્યું છે.

તેમણે જણાવ્યું હતું કે પંચાયત ધારાની કલમ-૧૬૮ થી ૧૭૫ અન્વયે જુદા જુદા વિભાગો દ્વારા સત્તા સુપ્રત કરવામાં આવેલ છે જેમાં માર્ગ અને મકાન વિભાગના ગ્રામીણ રસ્તાઓની કામગીરી પંચાયતોને સુપ્રત કરવામાં આવેલ છે અને પંચાયતીરાજની સ્થાપનાથી હાલ સુધી ગ્રામ્ય રસ્તા અને પુલોના બાંધકામ અને સુધારણાની કામગીરી પંચાયતો મારફતે જ થાય છે. રાજ્ય સરકાર દ્વારા તાજેતરમાં ગ્રામ્ય વિસ્તારના રસ્તા માટેની કામગીરી અને વહીવટી મંજુરી આપવાના અધિકારો જિલ્લા પંચાયત પાસેથી નહિ લેવાનો ઠરાવ કરેલ છે. આમ આ ઠરાવ પંચાયત અધિનિયમની જોગવાઈ વિરૂદ્ધનો છે. પંચાયતોને સુપ્રત થયેલ પ્રવૃત્તિ વિરદ્ધનો છે. કલમ-૧૭૮ (જિલ્લા પંચાયત કાર્યો પરત લેવા બાબત) અન્વયે રાજ્ય પંચાયત કાઉન્સીલની પરામર્શ વિના જ પરત લઈ શકાય નહિ તેવી જોગવાઈ થયેલ છે. ગ્રામીણ રોડ-પુલ વિગેરે કામગીરી પંચાયતને સુપ્રત થયેલ છે અને તેની વહીવટી મંજુરી તેમજ ટેન્ડરોની મંજુરી પંચાયતીરાજની સ્થાપના થઈ ત્યારથી હાલ સુધી જિલ્લા પંચાયત દ્વારા જ થાય છે તો પંચાયતોને સુપ્રત કરવા રાજ્ય સરકારમાં રજુઆત કરવા અને જો તે અંગે હકારાત્મક નિર્ણય નહિ આવે તો પંચાયતના હિત કોર્ટમાં જવા સર્વાનુમતે નિર્ણય કરવામાં આવેલ છે.

## હરિની દૃષ્ટિ...

- હરિન ભટ્ટ




યુદ્ધ થાય તો આપડે જ જીતીએ... પુછ કેમ ? એ લોકોના ફ્રેન્ડ કોણ ? ચાઈના ને...? ગઈ દિવાળીએ તેના બૉંબ લાવ્યો હતો... બધા સુરસુરીયા થ્યા તો...!!

# શહેરની હોસ્પિટલમાં દર્દીઓ માટે નવું સીટીસ્કેન મશીન આવશે

ગાંધીનગર સિવિલ હોસ્પિટલમાં છેલ્લા આઠમાસથી સીટીસ્કેન મશીન બંધ હાલતમાં છે. સીટીસ્કેન મશીન બંધ હોવાથી હોસ્પિટલમાં આવતા હજ્જારો દર્દીઓને ભારે મુશ્કેલીનો સામનો કરવો પડતો હતો. અકસ્માતમાં માથામાં ઈજા પામેલ દર્દીઓને સીટીસ્કેન બંધ હોવાથી તંત્ર દ્વારા ટ્રાન્સફર કરી દેવામાં આવતા હતા. ત્યારે આખરે તંત્ર દ્વારા અંદાજે કરોડો રૂપીયાના ખર્ચે નવું મશીન લાવવાની કવાયત તેજ કરી દેવામાં આવી છે. આગામી દિવાળી પહેલા હોસ્પિટલમાં સીટીસ્કેનનું નવું મશીન કાર્યરત થઈ જતા લાભાર્થીઓને લાભ થશે. ઉલ્લેખનીય છે કે અગાઉ જ્યારે આ મશીન કાર્યરત હતું ત્યારે પણ મશીન વારંવાર ટેકનીકલક્ષતિઓ સર્જાતા દર્દીઓએ રિપોર્ટ માટે અમદાવાદ જવાની ફરજ પડતી હતી. ત્યારે નવી મશીનની ખરીદી સાથે તેની જાળવણીની પણ યોગ્ય વ્યવસ્થા થાય તે આવશ્યક છે જેથી દર્દીઓને રુકાવટ વગરની સારવાર મળી રહે તે જરુરી છે.

ગુજરાત રાજયના પાટનગર સિવિલ હોસ્પિટલમાં છેલ્લા આઠ માસથી સીટીસ્કેન મશીન બંધ હાલતમાં છે. જીએમઈઆરએસ સંચાલિત ગાંધીનગર હોસ્પિટલ અત્યંત આધુનિક અને કોર્પોરેટ લુક ધરાવતી બનાવાઈ છે. કરોડો રૂપીયાના ખર્ચે તૈયાર કરેલ સંકુલમાં દર્દીઓને મળતી માળખાકીય સુવિધામાં વધારો થશે. તેવા રાગ તંત્ર દ્વારા આલાપવામાં આવતા હતા. પરંતુ હોસ્પિટલની સેવા દિનપ્રતિદિન કથળતી જાય છે. આરોગ્યલક્ષી સેવા સુદ્રઢ બનાવવા તંત્ર દ્વારા કમરકસાઈ રહી છે. ગાંધીનગર જિલ્લા આસપાસના વિસ્તારમાંથી રોજના હજ્જારો દર્દીઓ વિવિધ રોગની સારવાર માટે હોસ્પિટલ આવતા હોય છે. જયારે ગંભીર અકસ્માતમાં માથામાં ઈજા પામતા દર્દી માટે સીટીસ્કેન અત્યંત જરુરી હોય છે ત્યારે સીટીસ્કેન મશીન છેલ્લા ઘણા સમયથી બંધ રહેતા દર્દીઓને ભારે હાલાકી વેઠવાનો વારો આવ્યો છે. આ અંગે સિવિલ હોસ્પિટલના અધિક્ષક તબિબ ડો.બિપિન નાયક સાથે આ અંગે વાત કરતા તેમણે જણાવ્યું છે કે જે સીટીસ્કેન મશીન બંધ છે તેને રીપેરીંગ પાછળ ખર્ચ કર્યો હોવા છતા કાર્યરત થઈ શક્યું નથી ત્યારે સોસાયટીને નવા મશીન અંગે દરખાસ્ત કરવામાં આવી હતી તે મંજુર થઈ ગઈ છે અને ટુંક સમયમાં નવુંસીટીસ્કેનનુંમશીન કાર્યરત થઈ જતા દર્દીઓને લાભ મળશે.



ઘી પુરવાની રથયાત્રાના પ્રારંભે જ ૪૦૦ કિલો ઘી એકઠુ થયું.ચોટીલા ચામુંડા ખાતે દિવામાં પુરવા ગ્રામજનોએ ઉદાર હાથે ઘી આપ્યું.


**ગુજરાત પર્યાવરણ પ્રબંધ સંસ્થાન (ગેમી)**

(ગુજરાત સરકારશ્રીની એક સ્વાયત્ત સંસ્થાન)
ઓફિસઃ બ્લોક નં.૧૩/૩જો માળ,
ડો.જીવરાજ મહેતા ભવન, જૂના સચિવાલય, સેકટર-૧૦બી, ગાંધીનગર
લેબોરેટરીઃ એ-૫૮, જી.આઈ.ડી.સી.,
ઈલેકટ્રોનિકસ એસ્ટેટ, સેકટર-૨૫, ગાંધીનગર-૩૮૨૦૨૫.
ફોન નં. (ઓ.) (૦૭૯) ૨૩૨-૪૦૯૬૪, ૨૩૨-૪૦૨૨૦, (લેબ) ૨૩૨-૮૭૭૫૮

**જાહેર નિવિદા - હરાજી**

આથી નીચે જણાવ્યા અનુસારના લેબોરેટરીના ઈન્સ્ટુમેન્ટ (સાધનો)ની હરાજીથી મેળવવામાં રસ ધરાવતા ઈસમો પાસેથી નિયામકશ્રી, ગુજરાત પર્યાવરણ પ્રબંધ સંસ્થાન(ગેમી)- લેબોરેટરી, એ-૫૮, જી.આઈ.ડી.સી., ઈલેકટ્રોનિક્સ એસ્ટેટ, સેકટર-૨૫, ગાંધીનગર, ટેલિફોન નં.૨૩૨-૮૭૭૫૮ તરફથી પોતાના લેટરપેડમાં ભાવપત્રકો માંગવામાં આવે છે. જે તા.૧૪/૧૦/૨૦૧૬ સુધીમાં રજીસ્ટર પોસ્ટ એ.ડી./સ્પીડ પોસ્ટ તથા રૂબરૂથી ગેમી કચેરીમાં મોકલવાના રહેશે. ઈન્સ્ટુમેન્ટની સામે હરાજીથી મેળવવાના ભાવપત્રક દર્શાવવાના રહેશે.

ગેમી, લેબોરેટરી દ્વારા હરાજીથી આપવાના ઈન્સ્ટુમેન્ટ (સાધનો)ને જાહેરાત પ્રસિદ્ધ થયાની તારીખ થી કચેરી કામકાજના સમય દરમ્યાન જોઈ શકાશે.

| ક્રમ | હરાજીથી આપવાના થતા ઈન્સ્ટુમેન્ટ (સાધનો)ની વિગત |
|---|---|
| ૧ | pH મીટર |
| ૨ | સ્પેક્ટ્રોનિક ૨૧ D |
| ૩ | ઓટોક્લેવ ૩૫ X ૩૫ mm |
| ૪ | મેગ્નેટિક સ્ટરર હોટપ્લેટ સાથે |
| ૫ | ટેમ્પરેચર કંટ્રોલર |
| ૬ | વોલ્ટેજ રેગ્યુલેટર ૪.૦ |
| ૭ | એ. સી. કોમ્પરેસર |

સ્થળઃ ગાંધીનગર
તારીખઃ.૨૨/૦૯/૨૦૧૬

નિયામક
ગેમી, ગાંધીનગર



**મતદારયાદીની સુધારણા-૨૦૧૭**

**મતદારયાદી સુધારણા કાર્યક્રમ-૨૦૧૭ અંતર્ગત આપનું નામ મતદારયાદીમાં નોંધાવવા માટેની અમૂલ્ય તક....**

**શું આપનું નામ અને ફોટો મતદારયાદીમાં છે ?**

**શું આપના કુટુંબના લાયક સભ્યોના નામ મતદારયાદીમાં છે ?**

**શું આપ જે મતદાન મથકના વિસ્તારમાં રહો છે તે જ વિસ્તારમાં આપનું નામ છે ?**

**આ વિગતોની ચકાસણી માટે મતદારયાદી ક્યાં જોવા મળશે ?**

**તા. ૧૫-૯-૨૦૧૬ થી તા. ૧૪-૧૦-૨૦૧૬ સુધી મતદારયાદીનો મુસદ્દો**

- કલેક્ટર કચેરી
- મ્યુનિસિપલ કોર્પોરેશનની વૉર્ડ કચેરી
- મતદાર નોંધણી અધિકારી / પ્રાંત અધિકારીની કચેરી
- ગ્રામ પંચાયતની કચેરી
- મામલતદાર કચેરી
- મ્યુનિસિપાલિટી

ખાતે રાખવામાં આવેલ છે, જ્યાં આપ આપના નામની સામે આપના ફોટાની પણ રૂબરૂ ચકાસણી કરી શકશો. આ ઉપરાંત વેબસાઈટ www.ceo.gujarat.gov.in પર પણ આપ આપના નામની ચકાસણી કરી શકશો.

**જાગૃત નાગરિક તરીકે આપનો સહયોગ લોકશાહી તંત્રની પાયાની જરૂરીયાત**

મતદારયાદીમાં નામ નોંધાવવા, રદ કરાવવા, કોઈ નામ સામે વાંધો લેવા અને નામ તથા અન્ય વિગતો સુધારવા શું કરશો ?

- તા. ૧-૧-૨૦૧૭ના રોજ ૧૮ વર્ષ કે તેથી વધુ ઉંમરના મતદારનું નામ નોંધાવવા માટે નમૂના-૬ (ઉંમર તથા રહેઠાણના પુરાવા સહિત)માં અરજીકરવી.
- નમૂના-૬માં આપના પાસપોર્ટ સાઈઝનો કલર ફોટોગ્રાફ નિયત જગ્યાએ ચોંટાડવો, જેથી નામ દાખલ કરતી વખતે મતદારયાદીમાં આપના નામની સામે આપનો ફોટો પણ આવી શકે.
- મતદારયાદીમાં કોઈ નામ સામે વાંધો લેવાનો હોય તો તે માટે અથવા મતદારયાદીમાંથી નામ રદ કરાવવા માટે નમૂના-૭માં અરજી કવી.
- મતદારયાદીમાં નોંધાયેલ પોતાનું નામ તથા અન્ય વિગતો સુધારવા નમૂના-૮માં અરજી કરવી.
- એક જ વિધાનસભા મતવિભાગના એક ભાગમાંથી બીજા ભાગમાં નામ તબદીલ કરવા માટે નમૂના-૮(ક)માં અરજી કરવી.

ઉપર્યુક્ત નમૂના કલેકટર કચેરી, મતદાર નોંધણી અધિકારી / પ્રાંત અધિકારીની કચેરી, મામલતદાર કચેરીમાંથી વિનામૂલ્યે મેળવી શકશો તેમજ આ નમૂના ભરીને જરૂરી પૂરાવા સાથે ત્યાં જ આપી શકશો. ઉપરાંત મુખ્ય નિર્વાચન અધિકારીની વેબસાઈટ www.ceo.gujarat.gov.in પર આપ ઓનલાઈન અરજી પણ કરી શકશો.

**તા. ૨૫-૯-૨૦૧૬ અને તા. ૯-૧૦-૨૦૧૬, રવિવારના રોજ ખાસ ઝુંબેશના દિવસોએ સવારે ૧૦-૦૦ થી સાંજે ૬-૦૦ કલાક દરમિયાન આપના વિસ્તારના મતદાન મથકોએ પણ આ નમૂના મેળવી શકશો તેમજ ભરેલ અરજીઓ તે જ સ્થળોએ પરત આપી શકશો.**

**હવે SMS દ્વારા પણ વિગતો ચકાસી શકાશે.**

આપના મોબાઈલમાં ગુજરાત રાજ્યની કોઈપણ જગ્યાએ epic<space> આપનો મતદાન ઓળખપત્ર નંબર લખી ફોન નંબર ૮૫૧૧૧૯૯૮૯૯ પર SMS મોકલી આપવાથી આપની મતદારયાદીમાંથી વિગતો જાણી શખાશે, અને તે જ પ્રમાણે blo<space> આપનો મતદાર ઓળખપત્ર નંબર લખી SMS મોકલી આપવાથી આપના વિસ્તારના બુથ લેવલ અધિકારીની વિગતો જાણી શકાશે.

**વધુ વિગતો માટે ૧૯૫૦ નંબર ઉપર સંપર્ક કરો**

- **જુના ઓળખકારડને બદલે નવું કલર ફોટોગ્રાફવાળું PVC ઓળખકાર્ડ મેળવો :**
- આપના જૂના ઓળખકાર્ડની જગ્યાએ નવું કલર ફોટોગ્રાફ વાળું PVC ઓળખકાર્ડ મોળવવા ઈચ્છતા હોય તો આપના જિલ્લા / તાલુકાના મતદાર સહાયતા કેન્દ્ર તેમજ અધિકૃત સ્થળોએ ફક્ત કામકાજનાદિવસોએ કચેરી સમય દરમિયાન નિયત ફી રૂ. ૩૦/- ભરીને આપ મેળવી શકો છે. આ ઓળખકાર્ડ અધિકૃત કરવામાં આવેલ સ્થળોએથી જ મેળવવાનો આગ્રહ રાખો. આ ઓળખકાર્ડ મેળવવું ફરજીયાત નથી.
- જો નવું ઓળખપત્ર નહી લેવામાં આવે તો જૂનું ઓળખકાર્ડ પણ માન્ય રાખવામાં આવશે અને તેના દ્વારા પણ આપ ચૂંટણી વખતે મતદાન કરી શકશો.

**યાદ રાખો**

એક જ મતદાર વિભાગમાં એક કરતાં વધુ વખત અથવા એક કરતાં વધારે મતવિભાગની મતદારયાદીમાં નામ નોંધાયેલ હોવું તે લોકપ્રતિનિધિત્વ ધારાની જોગવાઈ હેઠળ સજાને પાત્ર ગુનો બને છે.

**અરજી કરવાની તારીખ : ૧૫-૯-૨૦૧૬ થી ૧૪-૧૦-૨૦૧૬ સુધી**

**આપની પાસે મતદાર ફોટોઓળખપત્ર હશે પણ મતદારયાદીમાં નામ નહીં હોય તો આપ મતદાન કરી શકશો નહી, આથી જો ફોટો ઓળખપત્ર હોય તો પણ મતદારયાદીમાં આપનું નામ ચકાસી લો કે જેથી વિધાનસભાની આગામી ચૂંટણીમાં મતદાન કરવામાં આપને મુશ્કેલી ન પડે.**

માહિતી/૧૬૧૭/૧૬-૧૭

- મુખ્ય ચૂંટણી અધિકારી, ગુજરાત રાજ્ય